

એક વ્યક્તિનું **રક્તદાન** ચાર વ્યક્તિને **જીવનદાન**

આપના **રક્તદાન** થી મારો જીવ બચી શકે છે





શું તમે મારા માટે **રક્તદાન** કરશો

# રક્તદાન એ મહાદાન.

**કારણકે "રક્ત કોઈ ફેક્ટરીમાં નથી બનતું" અને રક્તદાન કરવાથી કોઈની જિંદગી બચાવી શકાય છે.**

**કોઈની જીંદગી બચાવવા ડૉક્ટર જ બનવાની જરૂર નથી,**
**આપનું રક્તદાન કોઈક ને બચાવી શકે છે.**
**માતાના આંસુ કદાચ બાળકની જીંદગી ન બચાવી શકે,**
**પરંતુ આપનું રક્તદાન તેને બચાવી શકે છે.**
**આપના માટે રક્તદાન થોડી મિનિટનો પ્રશ્ન છે,**
**પરંતુ કોઈના માટે તે સમગ્ર જીંદગીનો પ્રશ્ન છે.**

- દર ત્રણ મહિને નિયમિત રક્તદાન કરો.
- બીજા લોકોને રક્તદાન કરવા માટે પ્રોત્સાહિત કરો.
- રક્તદાન કેમ્પનું આયોજન કરી શકાય:
  કોલેજમાં, સમુહ લગ્નમાં, ધાર્મિક સંમેલન પ્રસંગે,
  ખાસ દિવસની ઉજવણી દરમ્યાન

Design : Photo-Graphic Dept. (UNMICRC) 10-2018

# શું તમે રક્તદાન કરવા તત્પર છો અને સક્ષમ છો ?






## રક્તદાન માટે જરૂરી માહિતી

- દરેક રક્તદાતાની ઉંમર ૧૮ થી ૬૫ વર્ષની હોવી જોઈએ.
- રક્તદાનથી નબળાઈ, બિમારી, ચેપ લાગતો નથી.
- રક્તદાન કર્યા પહેલા રક્તદાતાએ હળવો નાસ્તો કરેલ હોવો જોઈએ.
- દરેક રક્તદાતાનું હિમોગ્લોબીન ૧૨.૫% થી વધુ અને વજન ઓછામાં ઓછું ૪૫ કિ.ગ્રા. જરૂરી છે. શરીરનું તાપમાન સામાન્ય હોવું જોઇએ.
- ઉપરોક્ત બાબતો તપાસ્યા બાદ જ રક્તદાનની અનુમતિ આપવામાં આવશે.
- દરેક રક્તદાતાનાં રક્તની તપાસમાં એચ.આઈ.વી., ઝેરીકમળો, (હિપેટાઈટીસ બી, હિપેટાઈટીસ સી), મેલેરીયા, જાતિય રોગ, બ્લડ ગ્રુપ વગેરેનો સમાવેશ થાય છે. આ રીપોર્ટ રક્તદાતા ને જ વિનામૂલ્યે મોકલવામાં આવે છે.
- આપના રકતમાંથી પ્લેટલેટ, પ્લાઝમા, રક્તકણ, ક્રાયોપ્રેસીપિટેટ છૂટા પાડી ચાર વ્યક્તિને જીવનદાન આપવામાં આવે છે.
- જયારે આપને આપના સ્વજન, મિત્ર કે અન્ય કોઈને પણ રક્તદાન કરવું હોય ત્યારે આપની નજીક બ્લડ બેંકનો સંપર્ક કરી શકો છો.

**યુ. એન. મહેતા**

**ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર**

(બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ સાથે સંલગ્ન)

સિવિલ હોસ્પિટલ (મેડીસીટી કેમ્પસ), અસારવા, અમદાવાદ - ૩૮૦ ૦૧૬